# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૨૦ | ૧૯ ઓક્ટોબર, ૨૦૧૨, શુક્રવાર; આસો સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ચૂંટણીના પગલે જીઓગ્રાફીકલ મેપીંગ થાય છે

## અક્ષાંશ-રેખાંશ મેપીંગ માટેની કવાયત કલોલમાં પૂર્ણ કરાઈ : દહેગામમાં કામગીરી ચાલુ છે જ્યારે બાકીની ત્રણ બેઠકોની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માટે તંત્રને કરવામાં આવેલી કડક તાકીદ : ૭૨ અક્ષાંશ અને ૨૩ રેખાંશ વચ્ચે જિલ્લાના તમામ મતદાન મથકો આવેલા છે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં આવેલ ૧૧૫૦ મતદાન મથકોના જીઓગ્રાફિક્લ મંપીંગની કાર્યવાહી હાલ પુરજોશમાં ચાલી રહી છે. અક્ષાંશ રેખાંશ આધારિત આ મેપીંગ કાર્યવાહી સોમવાર સુધીમાં સંપન્ન કરી દેવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર જિલ્લામાં પાંચ વિધાનસભા મતવિસ્તાર માટે ૧૧૫૦ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. આ મતદાનમથકો ૭૨ અક્ષાંશ અને ૨૩ રેખાંશની વચ્ચે આવેલા છે. જિલ્લામાં કલોલ વિધાનસભા મત વિસ્તારનું અક્ષાંશ-રેખાંશ મેપીંગની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે દહેગામ વિધાનસભા મતવિસ્તારની આ કામગીરી શરૂ કરવામાં આવી છે અને બાકી રહેલા ત્રણેય વિધાનસભા મતવિસ્તારમાં આજથી આકામગીરી શરૂ કરવામાં આવશે.

ચૂંટણી પંચે આપેલ સૂચના અંતર્ગત તમામ મતદાન મથકોના અક્ષાંશ-રેખાંશની વિગતો એકત્ર કરવામાં આવી રહી છે.

આ અંગે મળતી વિગતો મુજબ એનરોઈડ બેઝ મોબાઈલ દ્વારા રન થતી એપ્લીકેશન ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા દ્વારા બનાવવામાં આવી છે. આ એપ્લીકેશન જે તે પોલીંગ સ્ટેશનમાં જઈ રન કરતાં અને એપ્લીકેશન સબમીટ કરતાં જ જે તે પોલીંગ સ્ટેશનનું અક્ષાંશ-રેખાંશ મેપીંગ સીધુ ઈલેક્શન કમિશનના સર્વરમાં સેવ થઈ જાય છે.

ગાંધીનગર જિલ્લો આમ તો ૨૧૬૬.૫૯ સ્કેવર કિ.મી. વિસ્તારમાં પથરાયેલો છે. જે પૂર્વથી પશ્ચિમનો ૭૪.૬ કિ.મી. અને ઉત્તરથી દક્ષિણમાં ૬૩ કિ.મી.ના વિસ્તારમાં છે.

ગાંધીનગર જિલ્લો રાજ્યની ઉત્તર-દક્ષિણ દિશાની બરાબર મધ્યલાઈન પર સ્થિત થયેલો છે. ગાંધીનગર જિલ્લાનું રાજકીય મહત્વ પણ વિશેષ રહેલુ છે.

ગાંધીનગર જિલ્લામાં ભૌગોલિક દષ્ટિએ જોઈએ તો વિધઆનસભા મતદાર વિભાગની દષ્ટિએ સૌથી મોટો વિસ્તાર કલોલ બને છે જે ૪૯૦.૯૯ સ્કેવર કિ.મી. વિસ્તારનો છે. જ્યારે સૌથી નાનો વિસ્તાર દહેગામ છે. જે ૩૨૦.૧૯ સ્કે. કિ.મી. વિસ્તારનો છે.

ગાંધીનગર તાલુકો બે વિધાનસભા મતવિસ્તાર ધરાવતો હોવાથી તેની સરેરાશ પણ લગભગ ૩૨૦ સ્કે. કિ.મી. જેટલી થવા જાય છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ માસના અંત સુધીમાં રાજ્યના તમામ વિધાનસભા મતવિસ્તારોના અક્ષાંશ-રેખાંશ મેપીંગની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવશે. જિલ્લાતંત્ર આ દિશામાં કામગીરી માટે કાર્યરત બનેલ હોવાથી અધિકારીઓ વિના કચેરીઓ પણ ખાલીખમ જોવા મળી રહી છે.

જિલ્લાતંત્ર દ્વારા વિધાનસભાની ચૂંટણીને લક્ષમાં રાખી જીઓગ્રાફિકલ મેપીંગની કામગીરી પ્રથમવાર કરવામાં આવી રહી છે.



આવ્યા માના નોરતા - નવલી નવરાતના બીજા નોરતે યુવાન હૈયાઓ મન મૂકીને ગરબે ઘુમ્યા હતા. જેમ જેમ નોરતાની રાતો આગળ વધતી જાય છે તેમ તેમ પગમાં થનગનાટ વધતો જાય છે... હૈયે હરખ અને પગમાં જોમથી ગરબે ઘુમતી યુવતીઓ..... (તસવીર : દિપક જાની)


નવરાત્રી ઓફરોની રમઝટ
આપના પોતાના ઘરનું સ્વપ્નું હવે ચોક્કસ થશે સાકાર
આપનું મનપસંદ ટુ-વ્હીલર વસાવો
૨૦૦૨ પહેલા મોડલ પર ફાયદાઓ મેળવો
૯૦%
નવી થ્રી વ્હીલર રીક્ષા વસાવો
૮૫%
કેશ લોન
૧૦ હજારથી
મશીનરી લોન
માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમીટેડ


# ગુજરાતના રાજકારણમાં પટેલ અને ઓબીસી જ્ઞાતિનું પ્રભુત્વ

## પાટીદાર મતની સંખ્યા ૭૦ લાખ:બક્ષીપંચના ૧.૨૮ કરોડ, ૫૧ લાખ આદિવાસી, ૪૭ લાખ બ્રાહ્મણ-જૈન અને ૪૧ લાખ મુસ્લિમ મતદારો

**(વિશેષ પ્રતિનિધિ દ્વારા)**

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતમાં હવે પછીના મુખ્યમંત્રી બક્ષીપંચ કે પટેલ જ્ઞાતિનું પ્રતિનિધિત્વ કરતા હશે, કારણ કે રાજ્યમાં આ બન્ને જ્ઞાતિ સમૂહ એવાં છે કે જે કુલ મતદારોના ૫૨.૧૧ ટકા થવા જાય છે. ગુજરાતના સત્તા સિંહાસન ઉપર છેલ્લા ૧૧ વર્ષથી નરેન્દ્ર મોદી બિરાજમાન છે, જે બક્ષીપંચની જ્ઞાતિમાંથી આવે છે.

ગુજરાતમાં નોંધાયેલા કુલ મતદારોની સંખ્યા ૩.૭૮ કરોડ છે, જે પૈકી આ બન્ને સમાજના મતદારો ૧.૯૭ કરોડ થવા જાય છે. એટલે કે હવેના જ્ઞાતિવાદી રાજકારણમાં બક્ષીપંચ કે પાટીદાર સમાજને શાસન ધુરા સોંપવી પડે તેમ છે.

ભારતમાં યોજાતી કોઈપણ ચૂંટણીમાં જ્ઞાતિવાદનું પ્રભુત્વ રહ્યું છે. દેશના અન્ય રાજ્યની જેમ ગુજરાત રાજ્ય પણ જ્ઞાતિવાદના રાજકારણથી બાકાત નથી. ગુજરાતમાં એવી છ મુખ્ય જ્ઞાતિ છે કે જેના પ્રભુત્વની નોંધ લીધા વિના કોઈપણ પાર્ટી માટે ઉમેદવાર જીતાડવો અશક્ય બની જાય છે.

આ જ્ઞાતિઓમાં પટેલ, કોળી પટેલ, આદિવાસી, ઠાકોર, મુસ્લિમ, અને દલિતનો મોટો હિસ્સો છે. એક સમયે ભારત અને ગુજરાતના રાજકારણમાં બ્રાહ્મણોનું વર્ચસ્વ હતું પરંતુ કાળક્રમે હવે બ્રાહ્મણ સમાજ રાજકારણથી દૂર જોવા મળે છે.

કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીએ ૮૦ થી ૯૦ના દસકામાં ખામ થિયરી અપનાવી હતી, તો ૧૯૯૫માં ભાજપ પાસે પટેલ સમાજનું ટ્રમકાર્ડ હતું. આજે ચૂંટણીના રાજપથ પર એવું કહેવાય છે કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પાસે બક્ષીપંચની જ્ઞાતિઓનું કાર્ડ છે.


● અનુસંધાન પાન-૭ પર



નમ્ર વિનંતી
વિવેકાનંદ એકેડમી ખાતે
GPSC, Dy.SO,BANK, POST, CLERK...
પ્રવેશ સંપૂર્ણ બંધ છે.
વિવેકાનંદ એકેડમી M:99256 98721

10,000+ થી વધુ જગ્યાઓ માટે
GPSC
1350+ જગ્યાઓ!
8000+ જગ્યાઓ!
ગુજરાત સરકાર
1400+ જગ્યાઓ!
TCCI EDU. PVT. LTD.
તા.29-11-2012 થી નવી બેચ શરૂ... !!!

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ દ્વારા સંચાલિત
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | |
|---|---|
| ગુજરાત ખાદી | ૨૫ % વળતર |
| ગુજરાત ખાદી તૈયાર કપડાં | ૨૫ % વળતર |
| પરપ્રાંત ખાદી | ૧૫ % વળતર |
| પરપ્રાંત ખાદી તૈયાર કપડાં | ૧૫ % વળતર |
| રેશમ ખાદી | ૧૫ % વળતર |

સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ
ખાદી ગ્રામોદ્યોગ ભવન
પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ફોન : ૨૩૨૨૨૩૩૩
સમય : સવારે ૧૦-૩૦ થી ૭-૩૦ કલાક ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦

A PERFECT BUSINESS ENVIRON...





Visit our "Siddhraj Pavilion" at Gandhinagar Cultural Forum Navratri
SIDDHRAJ ZORI
retail • commercial
At Sargasan Cross Roads, S.G.Highway, Gandhinagar
www.siddhrajdevelopers.com